This Question Paper contains 8 printed pages.
(Sections - A, B, C & D)

Sl.No. 095856

# 13 (G)

**(FEBRUARY - MARCH, 2026)**

---

*Time : 3 Hours]* *[Maximum Marks : 80*

**સૂચનાઓ :**

1) સ્પષ્ટ વંચાય તેવું હસ્તલેખન જાળવવું.

2) આ પ્રશ્નપત્રમાં ચાર વિભાગ A, B, C અને D તથા 1 થી 53 પ્રશ્નો છે.

3) બધા જ પ્રશ્નો ફરજિયાત છે. આંતરિક વિકલ્પો આપેલા છે.

4) પ્રશ્નની જમણી બાજુના અંક તેના ગુણ દર્શાવે છે.

5) સૂચના પ્રમાણે આકૃતિઓ સ્વચ્છ, સ્પષ્ટ અને પ્રમાણસર દોરવી.

6) નવો વિભાગ નવા પાના પર લખવો. પ્રશ્નોના જવાબ ક્રમમાં લખવા.

---

## વિભાગ – A [20]

### (ગદ્ય વિભાગ)

અ) નીચેનાં જોડકાં યોગ્ય રીતે જોડીને ફરીથી લખો. [3]

| 'અ' (કર્તા) | 'બ' (કૃતિ) |
|---|---|
| 1) મોહમ્મદ માંકડ | (અ) સૂરજ તો બધેજ સરખો |
| 2) પ્રેમજી પટેલ | (બ) સામગ્રી તો સમાજની છે ને? |
| 3) વિનોદ ભટ્ટ | (ક) નથી |
| | (ડ) ટિફિન |



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

**બ) નીચે આપેલા વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો.** [2]

4) વર્ગીસ કુરિયને આણંદ નગરને અમૂલ ડેરી દ્વારા .......... ની ઓળખ અપાવી.

(મિલ્કસિટી, ગ્રીન સિટી, વિદ્યાનગરી)

5) કાન્તિ ઘેર આવતો ત્યારે બા તેનાં .......... લેતી.

(કપડાં, પૈસા, દુઃખણાં)

- **નીચે આપેલા વિધાનો ખરાં છે કે ખોટાં તે જણાવો.** [2]

6) જેઠીબાઈનું રંગાટ અને વણાટકામનું કારખાનું દીવ બંદરમાં હતું.

7) ટિકિટ માટે ભદ્રંભદ્ર મોહમયી શબ્દ પ્રયોજે છે.

**ક) નીચે આપેલા પ્રશ્નોના એક વાક્યમાં ઉત્તર લખો.** [3]

8) વાર્તાનાયક ટિફિન લઈ માંડવીમાં પ્રવેશે છે ત્યારે અમથી મા શું કરતાં નજરે પડે છે?

9) વર્ગીસ કુરિયનની આત્મકથાનું નામ જણાવો.

10) લેખકના મતે રમાએ કાન્તિને બા પાસેથી કેવી રીતે વાળી લીધો હતો?

**ડ) નીચે આપેલા પ્રશ્નોના બે-ત્રણ વાક્યોમાં ઉત્તર લખો. (ગમે તે બે)** [4]

11) પોર્ટુગીઝ ઑફિસરો જેઠીબાઈના ઘર પાસેથી પસાર થતા ત્યારે શું કરતા?

12) વૃદ્ધ સ્ત્રીઓએ ખોરાક છોડનાર માટે શું કર્યું?

13) અંબારામ ભદ્રંભદ્રના વેગ માટે કઈ ઘટના યાદ કરાવે છે?

**ઈ) નીચેના પ્રશ્નોના સવિસ્તાર ઉત્તર લખો. (ગમે તે બે)** [6]

14) વૃક્ષોની માવજતનો મહિમા દર્શાવતી વાર્તાને આધારે બલાઈનો પ્રકૃતિ પ્રેમ વર્ણવો.

15) 'શરણાઈના સૂર' કૃતિને આધારે રમઝુમીરનું શબ્દ ચિત્ર આલેખો.

16) સર અમલ દેરાસરીના બંગલાના ત્રીજા માળના દીવાનખાનાનું વર્ણન કરો.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

[20]

## વિભાગ – B

### (પદ્ય વિભાગ)

**અ) નીચેનાં જોડકાં યોગ્ય રીતે જોડીને ફરીથી લખો.** [3]

| 'અ' (કૃતિ) | 'બ' (સાહિત્ય પ્રકાર) |
|---|---|
| 17) તે બેસે અહીં | (અ) અછાંદસ |
| 18) દીવાનખાનામાં | (બ) ઊર્મિકાવ્ય |
| 19) હાથ મેળવીએ | (ક) લોકગીત |
| | (ડ) ગઝલ |

**બ) નીચે આપેલ વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો.** [2]

20) કવિએ ............... ને હૃદયભાવના પ્રતીક તરીકે વર્ણવ્યો છે.

(મિત્ર, હાથ, શત્રુ)

21) જિંદગીની આગને ............... માં ફેરવી નાખવા કવિએ વાત કરી છે.

(તળાવ, નદી, બાગ)

- **નીચે આપેલા વિધાનો ખરાં છે કે ખોટાં તે જણાવો.** [2]

22) હાઈકુને 'સત્તરાક્ષર' પણ કહે છે.

23) વહાલો મથુરાની ગલીમાં થનક થનક નાચે છે.

**ક) નીચે આપેલા પ્રશ્નોના એક વાક્યમાં ઉત્તર લખો.** [3]

24) વૃંદાવનના માર્ગે વહાલો શું માંગે છે?

25) વરસાદ વરસવાથી પક્ષીઓ પર શી અસર થઈ?

26) કાવ્યના કયા સાહિત્ય પ્રકારમાં કવિનું સર્જન હોતું નથી?



Student Bro
Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

[4]

ડ) **નીચે આપેલા પ્રશ્નોના બે-ત્રણ વાક્યોમાં ઉત્તર લખો. (ગમે તે બે)**

27) દીવાનખાનામાં કાવ્યના અંતે નાયિકા કેવો મનોભાવ અનુભવે છે?

28) પૂર્ણ ઘડા દ્વારા કવિ શું કહેવા માંગે છે?

29) વરસાદ વરસવાથી પ્રકૃતિ પર તેની શી અસર થઈ?

[6]

ઈ) **નીચે આપેલા પ્રશ્નોના સવિસ્તાર ઉત્તર લખો. (ગમે તે બે)**

30) 'ક્યાં રે વાગી' લોકગીતનો ભાવાર્થ સમજાવો.

31) માણસની સભાપાત્રતાની યોગ્યતા ગઝલને આધારે સમજાવો.

32) 'જીવન અંજલિ થાજો' – કાવ્યના શીર્ષકની યથાર્થતા સિદ્ધ કરો.

## વિભાગ – C

### (વ્યાકરણ વિભાગ)

• **માગ્યા પ્રમાણે પ્રશ્નોના ઉત્તર લખો.** [16]

33) નીચેનામાંથી કયો શબ્દ 'બાંધવ' શબ્દનો સમાનાર્થી છે? [1]

(A) સહિયર

(B) બાંધવું

(C) સહોદર

Student Bro

34) નીચેનામાંથી સમાનાર્થી શબ્દનું કયું જોડકું ઉચિત નથી? [1]

(A) હોશિયાર – નિપુણ

(B) શીતળ – સ્મૃતિ

(C) ઝડપી – ત્વરિત

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

35) 'સ્વાર્થ' શબ્દનો વિરુદ્ધાર્થી શબ્દ શોધીને લખો. [1]

(A) પરમેશ્વર

(B) નિષ્ક્રિય

(C) પરમાર્થ

36) નીચેનામાંથી વિરુદ્ધાર્થી શબ્દનું કયું જોડકું ઉચિત નથી? [1]

(A) ધ્યાન × અસ્થિર

(B) અમાસ × પૂનમ

(C) અડખે × પડખે

37) નીચેનામાંથી કઈ જોડણી સાચી છે? [1]

(A) ચિરંજીવ

(B) ચિરંજિવ

(C) ચિરનજીવ

38) રમઝુના હૃદય પર એથીય અદકો .......... છવાયો હતો. [1]

(A) વિશાદ

(B) વિષાદ

(C) વિસાદ

39) નીચેનામાંથી 'પ્રેમાનંદ' શબ્દની સંધિ કઈ યોગ્ય રીતે છોડેલી છે? [1]

(A) પ્રેમા + નંદ

(B) પ્રેમા + આનંદ

(C) પ્રેમ + આનંદ



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

[1]

40) નીચેનામાંથી કયો સમાસ દ્વિગુ છે?

(A) બેપડી

(B) વિદ્યાયગીત

(C) બે-ત્રણ

[1]

41) 'જીવમાં જીવ આવવો' - રૂઢિપ્રયોગનો અર્થ આપો.

[1]

42) 'સસ્તુ ભાડું ને સિદ્ધપુરની જાતરા' - કહેવત સમજાવો.

[1]

43) 'અમથી મા પ્રાણીઓને પ્રેમ કરે છે'- કર્મણિવાક્ય બનાવો.

[1]

44) 'બલાઈએ તેની કાકીને પત્ર લખ્યો' - પ્રેરક વાક્ય બનાવો.

[1]

45) નીચે આપેલ વાક્યમાં - રેખાંકિત વિશેષણનો પ્રકાર જણાવો.

'જેઠીમાએ <u>બાહોશ</u> બેરિસ્ટરની સલાહ લીધી.'

46) નીચેનામાંથી અવિકારી વિશેષણ શોધીને લખો. [1]

(A) બમણું

(B) મોટું

(C) અજબ

47) દીપક હવે તને કેમ લાગે છે - યોગ્ય વિરામચિહ્નો મૂકી વાક્ય ફરીથી લખો.

[1]

48) કયા વિરામચિહ્નનો ઉપયોગ વાક્યના અંતે થતો નથી?

(A) અવતરણ ચિહ્ન [1]

(B) અલ્પવિરામ

(C) પૂર્ણવિરામ

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## વિભાગ – D [24]

### (અર્થગ્રહણ/લેખન સજ્જતા)

49) નીચે આપેલ ગદ્યખંડનો આશરે ત્રીજા ભાગમાં સંક્ષેપ કરી તેને યોગ્ય શીર્ષક આપો. [4]

"વિદ્યાર્થી જીવનમાં જો કઈ સિદ્ધ કરવા જેવું તત્વ મને લાગ્યું હોય તો તે જીવનકળા છે. જે જીવનની કળા હસ્તગત કરે છે તેને સાધનો અને સગવડની ઊણપ વિશે ફરિયાદ કરવાપણું હોતું નથી. તે તો પોતાની સામે જેટલાં અને જેવાં સાધનો હોય, સગવડ હોય, તેનો એવી સજીવકળાથી ઉપયોગ કરે છે કે તેમાંથી જ તેની સામે આપોઆપ નવાં સાધનોની સૃષ્ટિ ઊભી થાય છે. જે આવી જીવનકળા જાણતો ન હોય તે હંમેશાં આ નથી, તે નથી એવી ફરિયાદ કર્યા જ કરે છે. અને તેની સન્મુખ ગમે તેટલાં સાધનો ઉપસ્થિત હોય તો પણ તેનું મૂલ્ય સમજાતું નથી. કારણ કે જંગલમાંથી મંગળ કરવાની કળા ધરાવતો નથી. અગવડોનો અતિભાર જો જીવનને કચડી નાખતો હોય તો એ દોષ સગવડોના ઢગલામાં પણ રહેલો જ છે. જેને બહુ સગવડ તે હંમેશાં પ્રગતિ કરી જ શકે એવો ધ્રુવ નિયમ નથી, પણ ધ્રુવ નિયમ તો એ છે કે બુદ્ધિ અને પુરુષાર્થ હોય તો જ ગમે તે સ્થિતિમાં આગળ વધી શકાય."

50) આપેલા મુદ્દાઓ પરથી વાર્તા લખો અને તેમાંથી મળતો બોધ લખી તેને યોગ્ય શીર્ષક આપો. [4]

એક દૂધવાળો – દૂધ વેચવા જાય છે – રસ્તામાં નદી – દૂધના ઘડામાં પાણી મેળવે છે – નફો કમાઈ પાછો વળે છે – નદીમાં પાણી પીવા જાય છે – અડધા પૈસા પાણીમાં પડી તણાઈ જવા – અફસોસ – બોધ.

51) તમારી શાળામાં યોજાયેલ 'વૃક્ષારોપણ' કાર્યક્રમનો અહેવાલ આશરે 100 શબ્દોમાં લખો. [4]

52) નીચે આપેલી પંક્તિઓનો વિચાર-વિસ્તાર કરો. [4]

આવ નહીં, આદર નહીં, નહીં નયનોમાં નેહ,

તે ઘર કદી ન જઈએ, કંચન વરસે મેહ.

અથવા

આચાર એ જ પ્રચારનું શ્રેષ્ઠ માધ્યમ છે.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

53) **નીચેનામાંથી ગમે તે એક વિષય પર આપેલા મુદ્દાઓ આધારિત આશરે 250 શબ્દોમાં નિબંધ લખો.** [8]

- દીકરી ઘરની દીવડી :-

  પ્રસ્તાવના – દીકરીનો અવતાર – દીકરા-દીકરીઓમાં ભેદ – દીકરીઓ પ્રત્યે બદલાતું સમાજનું વલણ – સમાજમાં દીકરીને અપાયેલો હક – વિવિધ ક્ષેત્રે દીકરીઓની ભૂમિકા – ઉપસંહાર.

અથવા

- સ્વચ્છતા ત્યાં પ્રભુતા :-

  પ્રસ્તાવના – સફાઈનો અર્થ – શરીરની સફાઈ – મનની સફાઈ – ઉત્તમ વિચારો, સંસ્કાર, કેળવણી સ્વચ્છતા જાળવવામાં મદદરૂપ – સ્વચ્છતા ત્યાં પ્રભુતા – ગંદકી ફેલાવાના કારણો – સ્વચ્છતા જાળવવાના ઉપાયો – સ્વચ્છતા આપણી નૈતિક ફરજ – દેશસેવા – ઉપસંહાર.

અથવા

- પુસ્તકો માનવીના સાચા મિત્રો :-

  પ્રસ્તાવના – પુસ્તકો સાચા મિત્રો – પુસ્તકોના સંગની અસર – પુસ્તકોને લીધે જીવનમાં પરિવર્તન – પુસ્તકો સાચા માર્ગદર્શકો – જીવનને જોવાની ઉત્તમ દૃષ્ટિ આપે પુસ્તકો – પુસ્તકો જ શ્રેષ્ઠ મિત્રો – ઉપસંહાર.



Student Bro

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in